ન.જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ ના
ચાલુ કામોના માલ સામાનના પરીક્ષણ
ખાનગી પ્રયોગશાળા માં કરાવવાની
માન્યતા આપવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-જીઈએન/૨૦૧૦/આઈબી-૭૦/(૯)/એમઆઈસેલ (ક-૧),
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૨/૨૦૧૪

સંદર્ભઃ- (૧) માર્ગ અને મકાન વિભાગના તા. ૩૧-૧૨-૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૭/૨૮/સ

(૨) માર્ગ અને મકાન વિભાગની તા.૩-૧૦-૨૦૧૨ ની યાદી ક્રમાંક-પરચ-૧૦૨૦૦૫-33-(પાર્ટ-૨)-સી

(3) નર્મદા જળ સંપત્તિ , પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક જીઈએન-૨૦૧૦-આઇબી-૭૦-(૯)-એમઆઇસેલ-(ક-૧) તા.૨૨/૦૫/૨૦૧૩

**આમુખઃ-**

રાજ્ય સરકાર ના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ચાલુ કામો માં વાપરવાના થતા માલસામાન ના પરિક્ષણો ખાનગી પ્રયોગશાળા માં કરવાની નીતિ અને નિયમો ઉપરોક્ત સંદર્ભ-૧ તથા ૨ વાળા પરિપત્ર અને યાદી થી હાલ અમલમાં છે. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકનાં ચાલુ કામોના માલ સામાન પરીક્ષણો ઝડપથી થાય અને પરીક્ષણો સમયસર ન થવાના લીધે કામની પ્રગતિ પર પ્રતિકૂળ અસર ન પડે તે હેતુસર આવા પરીક્ષણો ખાનગી પ્રયોગશાળા માં કરવાની માન્યતા અનુસંધાનિત પત્ર -3 થી આપવામાં આવેલ છે.

આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ ગાંધીનગર દ્વારા વધુ ૫ (પાંચ) ખાનગી પ્રયોગશાળા ને માન્યતા આપવામાં આવેલ છે. આ ખાનગી પ્રયોગશાળા ને જળ સંપત્તિ વિભાગ હસ્તકના કામો માટે માન્યતા આપવાનું વિચારણા હેઠળ હતું.

**પરિપત્રઃ-**

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકનાં ચાલુ કામોના માલ પરીક્ષણો સમયસર ન થવાના લીધે કામની પ્રગતિ પર પ્રતિકૂળ અસર ન પડે તે હેતુસર આવા પરીક્ષણો નીચે દર્શાવેલ ખાનગી પ્રયોગશાળા માં કરવાની માન્યતા નીચે જણાવેલ શરતોને આધિન રહી આપવામાં આવે છે.

ખાનગી પ્રયોગશાળાઓની યાદી.

(૧) એક્યુરેટ ટેસ્ટીંગ પ્રા.લી. અમદાવાદ

(૨) જીઓ એન્જિનિયરિંગ સર્વીસીસ, વડોદરા.

(૩) ચૌધરી કન્સ્ટ્રકશન, એન્જિનિયરિંગ રીસર્ચ લેબોરેટરી.

(૪) નેશનલ કાઉન્સીલ ફોર સિમેન્ટ એન્ડ બીલ્ડીંગ મટીરીયલ્સ, અમદાવાદ.

(૫) ભૂમિ ક્યુસી એન્જી. લેબોરેટરી, સુરેન્દ્રનગર

૧.૦ માલસામાન ના પરિક્ષણ માટે સંદર્ભિત (૧) ,(૨) અને (૩) ની તમામ શરતો નું પાલન કરવાનું રહેશે.

૨.૦ ખાનગી પ્રયોગશાળા ની માન્યતા તથા પરિક્ષણના દરો અંગે માર્ગ અને મકાન વિભાગ ની સુચનાઓ આખરી રહેશે.

વધુમાં, તપાસને લગત માલ સામાનના ટેસ્ટીંગ માટે શક્ય હોય ત્યાં સુધી ગેરી / સરકારી સંસ્થાઓ, સરકારી કોલેજો / સરકારી પોલીટેકનીક પાસેથી શક્ય હોય ત્યાં સુધી માલ સામાનનું ટેસ્ટીંગ કરાવવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.જી.ભટ્ટ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

**નકલ સાદર રવાના પ્રતિ,**

(૧) માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી

(૨) માનનીય રાજ્ય કક્ષાનામંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી

(૩). સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,

(૪) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ

(૫) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,

(૬) નાણાકીય સલાહકાર (જ.સં)

(૭) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)

(૮) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

(૯) સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)

(૧૦).સીલેકટ ફાઇલ